ચોમાસામાં ખાડામુક્ત રસ્તા માટે સરકારનો મોટો નિર્ણય

# હવે ગુજરાતનાં શહેરોના આંતરિક માર્ગો બનશે CC રોડ

**વારંવાર** તૂટતા ડામરના રસ્તાથી કાયમી મુક્તિ મળશે

**ડામરની** સરખામણીએ સિમેન્ટ કોંક્રીટ રોડનો ખર્ચ 30થી 40 ટકા વધુ

**ઔદ્યોગિક** વિસ્તારોમાં પણ જરૂરિયાત મુજબ CC રોડના નિર્માણનો વ્યાપ વધશે

ગાંધીનગરઃ ચોમાસામાં વારંવાર તૂટી પડતા રસ્તાઓ અને ખાડાઓની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ અને દીર્ઘદષ્ટિપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના આંતરિક રસ્તાઓ હવે ડામરના બદલે સિમેન્ટ કોંક્રીટ (CC)થી બનાવવાનો નિર્ણય લેવાયો છે. ડામરની સરખામણીએ CC રોડનો ખર્ચ 30થી 40 ટકા વધુ હોવા છતાં લાંબા ગાળે નાગરિકોને ગુણવત્તાયુક્ત અને ટકાઉ માર્ગસુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રજાહિતને પ્રાથમિકતા આપી રહી હોવાનું કેબિનેટ પ્રવક્તા જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

રાજ્યમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ પર પડતા ખાડા અને ડામરના રસ્તાઓ વારંવાર તૂટી જવાની સમસ્યાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે શહેરી માર્ગ વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા અને મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વરસાદી પાણીના ભરાવાથી રસ્તાઓને થતાં નુકસાનનો કાયમી ઉકેલ લાવવા સરકાર આ દીર્ઘકાલીન નીતિ અમલમાં મૂકી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, માત્ર શહેરોના રસ્તાઓ જ નહીં, પરંતુ ગામતળના એવા વિસ્તારો જ્યાં દર વર્ષે પાણી ભરાવાથી રસ્તાઓને નુકસાન થાય છે ત્યાં પણ ક્રમશઃ ડામરના બદલે CC રોડ બનાવવામાં આવશે. સુવિધાપથ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં CC રોડનું કામ પહેલેથી ચાલી રહ્યું છે, જ્યારે ભારે વાહનવ્યવહાર ધરાવતા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ જરૂરિયાત મુજબ CC રોડના નિર્માણનો વ્યાપ વધારવામાં આવશે.

સરકારના જણાવ્યા મુજબ CC રોડનું આયુષ્ય ડામરના રસ્તા કરતાં ઘણું વધુ હોય છે, ભારે અને ઓવરલોડ વાહનવ્યવહાર સામે પણ તે વધુ ટકાઉ સાબિત થાય છે તેમજ તેની મરામત અને જાળવણી પાછળનો ખર્ચ પણ નોંધપાત્ર રીતે ઘટે છે. વરસાદી પાણીના કારણે રસ્તા પર ખાડા પડવાની અને સપાટી તૂટી જવાની સમસ્યાનો પણ કાયમી ઉકેલ મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી આગામી વર્ષોમાં શહેરી તેમજ ગ્રામ્ય માર્ગ માળખું વધુ મજબૂત બનશે, માર્ગ જાળવણીનો ખર્ચ ઘટશે અને નાગરિકોને વર્ષો સુધી વધુ સુરક્ષિત, સરળ અને ખાડામુક્ત માર્ગ સુવિધાનો લાભ મળશે.

# સરકારી જમીન ફાળવણી માટે કલેક્ટર-ડીડીઓની સત્તામાં મોટો વધારો

**ગાંધીનગરના** ધક્કા ઘટશે, કલેક્ટરની નાણાકીય સત્તા 15 લાખથી વધીને 1 કરોડ અને ડીડીઓની 50 લાખ કરાઈ

**પ્રીમિયમ**/કબજા કિંમત ભરવાની મુદત વધારવાની સત્તા પણ હવે જિલ્લા કલેક્ટરને

ગાંધીનગરઃ રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક અને ગ્રામ વિકાસના પ્રોજેક્ટોને ઝડપી ગતિ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહીવટી સુધારાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારી જમીનની ફાળવણી માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ)ની નાણાકીય સત્તામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. નવા નિર્ણયથી અનેક પ્રકારની જમીન ફાળવણી માટે હવે ગાંધીનગરની મંજૂરીની રાહ જોવાની જરૂર નહીં રહે અને જિલ્લા કક્ષાએ જ નિર્ણયો ઝડપથી લઈ શકાશે. રાજ્ય સરકારનું માનવું છે કે સરકારી પ્રોજેક્ટો, ઔદ્યોગિક એકમો અને સામાજિક હેતુઓ માટે જમીન ફાળવણીમાં ઝડપ આવશે, વિકાસ કાર્યોને વેગ મળશે અને અરજદારોને નાના-મોટા નિર્ણયો માટે ગાંધીનગર સુધી ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં.

રાજ્ય સરકારના બોર્ડ અને કોર્પોરેશનોને બે હેક્ટર સુધીની જમીન ફાળવવા માટે જિલ્લા કલેક્ટરની નાણાકીય સત્તા રૂ.15 લાખથી વધારી રૂ.1 કરોડ કરવામાં આવી છે. જ્યારે જાહેર હેતુ માટે કેન્દ્ર સરકારના વિભાગોને એક હેક્ટર સુધીની જમીન ફાળવણી માટેની સત્તા રૂ.15 લાખથી વધારી રૂ.50 લાખ કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓ અને વ્યક્તિગત રહેણાંક હેતુ માટે જમીન ફાળવણીની સત્તા રૂ.1 લાખથી વધારી રૂ. 20 લાખ કરવામાં આવી છે. સહકારી ગૃહ નિર્માણ મંડળીઓ માટે આ મર્યાદા રૂ.6 લાખથી વધારી રૂ.50 લાખ કરવામાં આવી છે. વ્યાપારિક હેતુ માટે હરાજી દ્વારા જમીન ફાળવણીની સત્તા રૂ.1 લાખથી વધારી રૂ.5 લાખ કરવામાં આવી છે, જ્યારે સહકારી ગોડાઉન અને અન્ય સંસ્થાઓ માટેની સત્તા રૂ.3 લાખથી વધારી રૂ.15 લાખ સુધી કરવામાં આવી છે.

ગામતળના પ્લોટોની ફાળવણી માટે જિલ્લા વિકાસ અધિકારીઓને પણ વધુ સત્તા આપવામાં આવી છે. વ્યક્તિગત રહેણાંક માટેની સત્તા રૂ.20 હજારથી વધારી રૂ. 1 લાખ, સહકારી ગૃહ નિર્માણ મંડળીઓ માટે રૂ.1.50 લાખથી વધારી રૂ.7.50 લાખ તેમજ દૂધ મંડળીઓ, સહકારી ગોડાઉન અને ગ્રામીણ ગ્રીડ જેવી સંસ્થાઓ માટે રૂ.20 હજારથી વધારી રૂ.1 લાખ કરવામાં આવી છે. રાજ્ય સરકારે વધુ એક મહત્ત્વપૂર્ણ છૂટછાટ આપતાં રાજ્ય સરકારના બોર્ડ-કોર્પોરેશન અને કેન્દ્ર સરકારના વિભાગોને જમીન ફાળવણી બાદ પ્રીમિયમ અથવા કબજાકિંમત ભરવા માટે જરૂરી સંજોગોમાં જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની અવધિ પૂર્ણ થાય ત્યાં સુધી મુદત વધારવાની સત્તા પણ જિલ્લા કલેક્ટરને સોંપી છે.

## ભારે વરસાદને પગલે બીએસસી નર્સિંગ સહિતના પેરામેડિકલ કોર્સના પ્રવેશ પ્રક્રિયાની મુદત લંબાવાઈ

ગાંધીનગરઃ રાજ્યના વિવિધ વિસ્તારોમાં પડેલા અતિભારે વરસાદને કારણે અનેક વિદ્યાર્થીઓ સમયસર હેલ્પ સેન્ટર સુધી પહોંચી શક્યા ન હોવાથી પ્રવેશ સમિતિએ બીએસસી નર્સિંગ સહિતના પેરામેડિકલ કોર્સમાં પ્રવેશ માટેની ઓનલાઈન પીન ખરીદી અને દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયાની મુદત લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય હેઠળ બી.એસસી નર્સિંગ, બી. ફિઝિયોથેરાપી, જી.એન.એમ., એ.એન.એમ., બી. ઓપ્ટોમેટ્રી, બી. ઓક્યુપેશનલ થેરાપી, બી. ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ.એલ.પી. તેમજ બી. નેચરોપથી કોર્સમાં પ્રવેશ માટે હવે ઉમેદવારોને વધારાનો સમય આપવામાં આવ્યો છે. નવા જાહેર કરાયેલા કાર્યક્રમ પ્રમાણે પ્રવેશ સમિતિની વેબસાઈટ પરથી ઓનલાઈન પીન ખરીદવાની પ્રક્રિયા આવતીકાલ તા. 29 જુલાઈ, 2026ના રોજ સવારે 10 વાગ્યાથી શરૂ થઈ 31 જુલાઈ, 2026ના રોજ બપોરે 2 વાગ્યા સુધી ચાલુ રહેશે. તે જ રીતે, ઓનલાઈન નોંધણી અને જરૂરી પ્રમાણપત્રો અપલોડ કરવાની પ્રક્રિયા 29 જુલાઈના સવારે 10 વાગ્યાથી શરૂ થઈ 31 જુલાઈના સાંજે 4 વાગ્યા સુધી ખુલ્લી રહેશે.

# અમેરિકા પાસે શસ્ત્રો ખૂટી ગયા માટે ડોનાલ્ડ ટ્રમ્પને યુદ્ધ બંધ કરવાની ફરજ પડી



ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ઇરાન પર હુમલો કર્યા પછી અમેરિકાની હાલત સાપે છછુંદર ગળ્યા જેવી થઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધાર્યું હતું કે ઇરાકની જેમ ઇરાનને પણ એકાદ અઠવાડિયામાં હરાવી શકાશે, પરંતુ તેમની આ ધારણા ભયંકર રીતે ખોટી સાબિત થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાન પર મોટા અને નિર્ણાયક લશ્કરી હુમલાની યોજના બનાવી હતી અને તેની ધામધૂમથી જાહેરાત પણ કરી હતી, પરંતુ તેમણે પોતાનો નિર્ણય મુલતવી રાખ્યો છે. તેનું કારણ પેન્ટાગોન તરફથી આપવામાં આવેલી ચેતવણી છે, જેણે અમેરિકાના વહીવટીતંત્રને ચિંતામાં મૂકી દીધું છે. પેન્ટાગોને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે અમેરિકા પેટ્રિઅટ ઇન્ટરસેપ્ટર મિસાઇલોની તીવ્ર અછતનો સામનો કરી રહ્યું છે. પરિસ્થિતિ એવી છે કે એપ્રિલના અંત સુધીમાં અમેરિકન સૈન્યએ મધ્ય પૂર્વમાં ૧,૨૦૦થી વધુ પેટ્રિઅટ ઇન્ટરસેપ્ટર મિસાઇલોનો ઉપયોગ કરી દીધો હતો. જો યુદ્ધ આ જ ગતિએ ચાલુ રહેશે અને વધુ વિસ્તરશે, તો પેટ્રિઅટ ઇન્ટરસેપ્ટર મિસાઇલોનો જથ્થો ખૂટી જશે અને અમેરિકન સૈન્ય માટે મધ્ય પૂર્વમાં તૈનાત પોતાના સૈનિકો તથા સાથી દેશોનું રક્ષણ કરવું મુશ્કેલ બની જશે. શસ્ત્રોની અછતને કારણે અમેરિકા હાંફી રહ્યું છે. અમેરિકન અધિકારીઓના જણાવ્યા અનુસાર, વ્હાઇટ હાઉસમાં તાજેતરની ચર્ચાઓ ઇન્ટરસેપ્ટર મિસાઇલોની ઘટતી સંખ્યાના મુદ્દા પર કેન્દ્રિત રહી છે.

આ દાવા અનુસાર, જોર્ડનમાં ઇરાની મિસાઇલે અમેરિકાની એર ડિફેન્સ વ્યવસ્થાને ભેદીને હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ત્રણ અમેરિકન સૈનિકોના મોત થયા હતા. આ ઘટનાથી અમેરિકામાં વ્યાપક આક્રોશ ફેલાયો છે. ધ ન્યૂ યોર્ક ટાઇમ્સના સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકન જનરલ ડેન કેને જણાવ્યું છે કે જો ઇરાન સાથે પૂર્ણ સ્તરનું યુદ્ધ થાય, તો મધ્ય પૂર્વમાં યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડ પાસે ઉપલબ્ધ મિસાઇલોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે. બીજી તરફ, ઇરાની સૈન્ય પાસે મિસાઇલોનો વિશાળ જથ્થો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ધ ન્યૂ યોર્ક ટાઇમ્સ અને એક્સિઓસના અહેવાલો અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે ૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ તેમના ટોચના સલાહકારો અને કેબિનેટ મંત્રીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠક બાદ તેમણે અમેરિકન સૈન્યને ઇરાન પર નવા અને મોટા હવાઈ હુમલા અટકાવવા માટે કડક આદેશ આપ્યા હતા.

કુવૈત અને બહેરીન પર ઇરાનના હુમલાના વધતા ખતરા વચ્ચે હવે ગલ્ફના દેશો પણ સીધા સંઘર્ષમાં ખેંચાઈ રહ્યા હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. ઇરાન-ઇઝરાયલ સંઘર્ષમાં બહેરીન અને કુવૈતે પહેલી વખત ઇરાન પર સંયુક્ત હુમલો કર્યો હોવાનું કહેવામાં આવી રહ્યું છે, જેમાં યુએઈ પણ તેમને ટેકો આપી રહ્યું છે. ઇરાની સૈન્યએ બહેરીનના ઇસા એર બેઝ અને જોર્ડનના અલ-અઝરાક લશ્કરી મથક પર 'આરશ' નામના આત્મઘાતી ડ્રોન વડે હુમલો કર્યો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. બીજી તરફ, હૂથીઓ સાઉદી અરેબિયાની તેલ રિફાઇનરીઓ પર મિસાઇલો છોડીને હુમલા કરી રહ્યા છે, ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન સૈન્યને ઇરાન પર હુમલો ન કરવાનો આદેશ આપ્યો હોવાનું પણ કહેવાય છે. દરમિયાન, ઇરાને બ્રિટનને ખુલ્લેઆમ ચેતવણી આપી છે કે જો તે અમેરિકાને ટેકો આપશે, તો તેના પ્રદેશ અને તેના સૈનિકોને ઇરાની મિસાઇલોથી નિશાન બનાવવામાં આવશે. બીજી તરફ, હૂથીઓએ સાઉદી તેલ રિફાઇનરીઓ પર મિસાઇલો અને ડ્રોન વડે હુમલા કર્યા હોવાનું પણ સામે આવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા અને ચીનને આ સંઘર્ષથી દૂર રહેવાની ચેતવણી આપી છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને તેમને ખાતરી આપી હોવાનું જણાવવામાં આવે છે કે તેઓ ઇરાનને શસ્ત્રો પૂરા પાડશે નહીં. જો ચીન કે રશિયા આ વચનનો ભંગ કરશે તો તેમને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે.

આ યુદ્ધ શરૂ થયું ત્યારે યુદ્ધ નિષ્ણાતોને ભય હતો કે તે મધ્ય પૂર્વની સરહદો ઓળંગીને સમગ્ર વિશ્વને પોતાની ઝપેટમાં લઈ શકે છે. હવે આ ભય સાચો પડતો દેખાઈ રહ્યો છે. વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કુવૈત અને બહેરીને ઇરાનની અંદર હુમલા શરૂ કર્યા છે. જોકે, બંને દેશોએ સત્તાવાર રીતે તેની પુષ્ટિ કરી નથી. આ સંકેત આપે છે કે આરબ દેશો પણ આ લાંબા અને લોહિયાળ યુદ્ધમાં વધુને વધુ ફસાઈ રહ્યા છે. ઇરાની મીડિયા અને લશ્કરી સૂત્રોના જણાવ્યા અનુસાર, ઇરાને જોર્ડન, કુવૈત અને બહેરીનમાં આવેલા અમેરિકન લશ્કરી મથકોને જવાબી હુમલામાં નિશાન બનાવ્યા છે. બહેરીનમાં અમેરિકન નૌકાદળના પાંચમા કાફલા પર ડ્રોન અને મિસાઇલોથી હુમલો કરવામાં આવ્યો હોવાનું પણ જણાવાયું છે, જેના બાદ અનેક વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા.

યમનના હૂથી બળવાખોરોએ સાઉદી અરેબિયા પર વધુ એક મોટો હુમલો કર્યો હોવાનું દાવો કર્યો છે. હૂથીઓના જણાવ્યા અનુસાર, તેમણે ૨૫ જુલાઈના રોજ સાઉદી અરેબિયાના જાઝાનમાં આવેલી અરામકો રિફાઇનરીને ત્રણ બેલિસ્ટિક મિસાઇલોથી નિશાન બનાવી હતી. જાઝાન રિફાઇનરી સાઉદી અરેબિયાની પાંચમી સૌથી મોટી તેલ સુવિધા માનવામાં આવે છે. હૂથીઓ દાવો કરી રહ્યા છે કે તેમનો હુમલો સફળ રહ્યો હતો. તેમણે બે અલગ-અલગ લશ્કરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રથમ હુમલામાં જાઝાનમાં આવેલી અરામકોની સંવેદનશીલ સુવિધાઓને નિશાન બનાવવા માટે ડઝનબંધ બેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જ્યારે બીજા હુમલામાં યાનબુ સ્થિત અરામકો સુવિધાઓને નિશાન બનાવવા માટે બેલિસ્ટિક મિસાઇલો, ક્રુઝ મિસાઇલો અને ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આજ સુધી અમેરિકા અને ઇઝરાયલ ઇરાનની પરમાણુ સુવિધાઓને સંપૂર્ણપણે નષ્ટ કરી શક્યા નથી. હવે ડોનાલ્ડ ટ્રમ્પ એવું માની રહ્યા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે કે જો ઇરાનની પરમાણુ ક્ષમતાઓને ટૂંક સમયમાં સંપૂર્ણપણે નષ્ટ નહીં કરવામાં આવે, તો ઇરાન ઇઝરાયલ તેમજ સમગ્ર આરબ વિશ્વ માટે ગંભીર ખતરો બની શકે છે. દરમિયાન, ટ્રમ્પે ઇરાન સામેના યુદ્ધમાં યુક્રેનને સામેલ કરવાના પ્રયાસો શરૂ કર્યા હોવાનું પણ કહેવાય છે. ઝેલેન્સકીએ ટ્રમ્પને ખાતરી આપી હોવાનું કહેવાય છે કે તેઓ ઇરાનના શાહિદ-૧૩૬ ડ્રોન અને મિસાઇલોનો સામનો કરવા માટે પોતાના નિષ્ણાત કમાન્ડરો અને વિશેષ ટીમો મોકલવા તૈયાર છે. આ યુદ્ધમાં સૌથી મોટો વળાંક પિકેક્સ પર્વત પરનો હુમલો માનવામાં આવી રહ્યો છે. નાતાન્ઝ પરમાણુ સંકુલ નજીક પર્વતના લગભગ ૧૦૦ મીટર નીચે બનાવવામાં આવેલું આ બંકર ઇરાનનું સૌથી સુરક્ષિત સેન્ટ્રિફ્યુજ કેન્દ્ર ગણાય છે અને ટ્રમ્પ તેને કોઈપણ કિંમતે નષ્ટ કરવા માંગે છે.

શું પેન્ટાગોને ઇરાનના સમુદ્ર અને આકાશ પર નિયંત્રણ મેળવવા માટે યુક્રેન પાસેથી નવી લશ્કરી ટેક્નોલોજી શીખવાનું નક્કી કર્યું છે? શું અમેરિકાને ઇરાન સામે લડવા માટે પોતાની વ્યૂહરચના બદલવાની ફરજ પડી છે? ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેન વચ્ચેના કથિત ગુપ્ત સોદા અંગેના નવા ખુલાસાઓએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. યુક્રેનની મગુરા ડ્રોન બોટ અને એન્ટી-ડ્રોન ઇન્ટેલિજન્સ હવે અમેરિકન નેવીનો ભાગ બનવાની તૈયારીમાં હોવાનું કહેવાય છે. આ ટેક્નોલોજી ઇરાન માટે પડકારરૂપ બની શકે છે. હોર્મુઝ જળમાર્ગમાં ઇરાનની સૌથી મોટી તાકાત તેની નાની પરંતુ અત્યંત ઝડપી આત્મઘાતી હુમલાખોર બોટો છે, જેનો ઉપયોગ તે અમેરિકન યુદ્ધજહાજોને પડકારવા માટે કરે છે. અમેરિકા હવે આ પડકારનો જવાબ યુક્રેનની ડ્રોન બોટ ટેક્નોલોજી દ્વારા આપવાની તૈયારીમાં હોવાનું કહેવાય છે.

એક તરફ અમેરિકન સૈન્યના વરિષ્ઠ કમાન્ડરોમાંના એક એડમિરલ બ્રેડ કૂપરે ઇરાન પર હુમલા રોકવાનું સૂચન કર્યું છે, જ્યારે બીજી તરફ અમેરિકન જનતાનો મોટો વર્ગ આ યુદ્ધથી કંટાળી ગયો હોવાનું જોવા મળી રહ્યું છે. દરમિયાન, પેન્ટાગોનને જાનહાનિના આંકડાઓમાં ફેરફાર કરવા અને નવી શ્રેણીઓ ઉમેરવા બદલ ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. સૌથી અગત્યની બાબત એ છે કે અમેરિકાના શસ્ત્રોના જથ્થામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. THAAD અને પેટ્રિઅટ જેવી મિસાઇલોનો જથ્થો ઝડપથી ખાલી થઈ રહ્યો છે. હોર્મુઝ જળમાર્ગમાં વધતા તણાવને કારણે અમેરિકામાં ક્રૂડ ઓઇલ અને ગેસોલિનના ભાવમાં પણ વધારો નોંધાયો છે.

CBS ન્યૂઝના સર્વેક્ષણે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રની મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો છે. સર્વેક્ષણમાં સામેલ ત્રણ-ચતુર્થાંશથી વધુ લોકોએ માન્યું છે કે આ યુદ્ધ અમેરિકાની ધારણા કરતાં વધુ મુશ્કેલ સાબિત થયું છે. જ્યારે લગભગ બે-તૃતીયાંશ લોકોએ જણાવ્યું હતું કે અમેરિકાએ હવે આ સંઘર્ષનો અંત લાવવો જોઈએ, ત્યારે માત્ર એક-તૃતીયાંશ લોકોએ જ યુદ્ધ ચાલુ રાખવાનું સમર્થન કર્યું હતું.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**અમેરિકન સૈન્યના સૌથી વરિષ્ઠ કમાન્ડરોમાંના એક એડમિરલ બ્રેડ કૂપરે ઈરાન પર હુમલા રોકવાનું સૂચન કર્યું છે, જ્યારે અમેરિકન જનતાનો મોટો ભાગ આ યુદ્ધથી હેરાન દેખાય છે**

# BUSINESS મિત્ર

જુલાઇ સીરિઝમાં સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટાડા સાથે સપાટ રહ્યા

# ફેડ રિઝર્વના નીતિગત નિર્ણય પહેલા રોકાણકારોમાં સાવચેતી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા.28:** ભારતીય શેરબજારમાં આજે જુલાઇ સીરિઝમાં બેઉતરફી વધઘટે છેલ્લે નજીવા ઘટાડા સાથે સપાટ બંધ રહ્યું હતું. યુએસ ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણય પહેલા રોકાણકારો સાવચેત રહ્યા હતા અને ચાલુ કોર્પોરેટ કમાણીની મોસમનું મુલ્યાંકન કરવાનું ચાલુ રાખ્યું હોવાથી નજીવો નીચા સ્તરે બંધ થયા હતા. નિફ્ટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની સમાપ્તિ થવાને કારણે ટ્રેડિંગ અસ્તવ્યસ્ત રહ્યું હતું. જે છેલ્લે નિફ્ટી 24000 પોઇન્ટની સપાટીની નીચે બંધ રહી હતી. સેક્ટર વાઇઝ જોઈએ તો એફએમસીજી, કેમિકલ અને પીએસયુ બેન્કના શેરોમાં સુધારો નોંધાયો હતો, જ્યારે આઈટી, રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં ઘટાડો જોવાયો હતો.

કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ વધુ 2.65 ટકા ઘટીને 86.02 ડોલર પ્રતિ બેરલ પર બંધ રહ્યો હતો. રૂપિયામાં સુધારો આગળ વધતો જોવા મળ્યો હતો. બીએસઇ સેન્સેક્સ 68.86 પોઇન્ટ એટલે કે 0.09 ટકા ઘટીને 76765.92 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76988 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76672 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 10.60 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 23985.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24041 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23954 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 331.60 પોઇન્ટ એટલે કે 0.58 ટકા ઘટીને 56755.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ઈન્ડેજીન લિ.માં 22.66 ગણા, હેક્ષાવેર ટેકનોલોજીમાં 22.26 ગણા, એલાઇડ બ્લેન્ડર્સમાં 12.22 ગણા, ઉષા માર્ટીનમાં 8.65 ગણા અને કેપ્રી ગ્લોબલ કેપિટલમાં 8.63 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે હેક્ષાવેર ટેકનોમાં 34.32 ગણા, એફલ થ્રીઆઈમાં 20.8 ગણા, ઉષા માર્ટિનમાં 12.46 ગણા, વરૂણ બેવરેજીસમાં 7.59 ગણા અને કેપ્રિ ગ્લોબલ કેપિટલમાં 7.29 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઈન શેરોને પાછળ છોડી દીધા હતા. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.01 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.47 ટકા વધ્યો હતો. માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 1631 શેરો વધ્યો હતો, જ્યારે 2624 શેરો ઘટ્યા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા.

## ભારતીય રૂપિયામાં મજબૂતાઈ, 5 પૈસા વધીને 95.85 થયો

**ક્રૂડના** ભાવમાં ઘટાડા અને બહુ રાજકીય તણાવમાં ઘટાડાની અસર

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.85 રૂ. |
| યુરો | 108.92 રૂ. |
| પાઉન્ડ | 127.80 રૂ. |
| યેન | 0.5848 રૂ. |

મુંબઈ, તા. 28 : મંગળવારે રૂપિયો સતત ત્રીજા સત્રમાં મજબૂત રહ્યો અને 5 પૈસા વધીને 95.85 પર બંધ થયો, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી તેમજ પશ્ચિમ એશિયા સંકટ હળવું થવાના સંકેતો વચ્ચે રૂપિયાને ટેકો મલયોન્હાતો. ચલણમાં મજબૂતાઈ જોવાઈ છે, ત્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય શેરબજારમાં ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે. ચલણ બજારોમાં ભારતીય રૂપિયામાં રિકવરી ચાલુ રહી હતી. સોમવારે રૂપિયો 54 પૈસા મજબૂત થઈને 95.89 પર બંધ રહ્યો હતો. મંગળવારે રૂપિયો 95.76 પર મજબૂત ખુલી ઈન્ટ્રાડે 95.62 થયો હતો અને અંતે 95.85 એ બંધ રહ્યો હતો. રૂપિયામાં તાજેતરની મજબૂતાઈ વૈશ્વિક કોમોડિટી અને ભૂરાજકીય ક્ષેત્ર થઈ રહેલી સકારાત્મક ગતિવિધિને કારણે જોવાઈ રહી છે. ભારત માટે મહત્વપૂર્ણ બ્રેન્ટ ક્રૂડ ઓઇલમાં 1.21 ઘટીને પ્રતિ બેરલ $87.15 પર પહોંચ્યું છે. ભારત તેની તેલ જરૂરિયાતોનો મોટો હિસ્સો આયાત કરે છે, તેથી વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલના નીચા ભાવ આ આયાત માટે ચૂકવણી કરવા માટે યુએસ ડોલરની માંગ ઘટાડે છે, જે સામાન્ય રીતે રૂપિયાના મૂલ્યને ટેકો આપે છે. તેલના ભાવમાં આ ઘટાડો યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના તણાવમાં ઘટાડો થયા પછી થયો છે, બંને રાષ્ટ્રો વચ્ચે નવેસરથી વાટાઘાટો થવાના આશાવાદે યુએસ ડોલર ઇન્ડેક્સમાં પણ શ્રુઆતી કારોબારમાં સામાન્ય નરમાઈ આવી હતી, જે રૂપિયા જેવા ઉભરતા બજાર ચલણો માટે વધુ અનુકૂળ વાતાવરણમાં ફાળો આપે છે. ચલણ બજારમાં સકારાત્મક ભાવના હોવા છતાં, રોકાણકારો વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ના વર્તન પર નજર રાખી રહ્યા છે. એક્સચેન્જ ડેટા દર્શાવે છે કે સોમવારે એફઆઈઆઈ ચોખ્ખા વેચાણકર્તા હતા, અને રૂ. 1,688.23 કરોડની ઇક્વિટીનું વેચાણ કર્યું હતું. વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ સ્થાનિક ચલણ પર દબાણ બનાવી શકે છે, ભલે તેલના ભાવ જેવા બાહ્ય પરિબળો સહાયક દેખાય. આગળ વધતાં, બજારના સહભાગીઓ વૈશ્વિક તેલના ભાવમાં કોઈપણ ફેરફાર અને યુએસ-ઈરાન રાજદ્વારી સંબંધો સંબંધિત વધુ અપડેટ્સ પર નજર રાખશે.

## દક્ષિણ કોરિયાનું બજાર કોસ્પી 12 ટકા તૂટયું

**ફક્ત** બે કંપનીના શેરોએ કોસ્પી ઇન્ડેક્સને ઉંધો પાડી દીધો

નવી દિલ્હી, તા. 28: છેલ્લા એક મહિનામાં કોરિયન શેરબજારમાં મોટા ધડાકાભડાકા જોવા મળ્યા છે. આ સમયગાળા દરમ્યાન બજારના મુખ્ય ઇન્ડેક્સ 28 ટકાથી વધુનો ઘટાડો થયો છે. જે આજે કોસ્પી 12 ટકા ઘટ્યો હતો. આ ઘટાડામાં ચિપ બનાવતી બે કંપનીઓના શેરનો મોટો હાથ છે. જોકે, આ ઘટાડા છતાં દક્ષિણ કોરિયાનું બજાર છેલ્લા એક વર્ષમાં વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું બજાર છે. છેલ્લા એક વર્ષમાં દક્ષિણ કોરિયાના શેરબજારમાં લગભગ 88 ટકાનો ઉછાળો આવ્યો છે. છેલ્લા એક મહિનાથી દક્ષિણ કોરિયાના બજાર પર વેચાણનું દબાણ છે. સૌથી મોટો ઘટાડો એસકે હાયનીક્સ અને સેમસંગ ઇલેક્ટ્રોનીક્સના શેરમાં જોવા મળ્યો છે. એસકે હાયનિક્સના શેરમાં 14 ટકાથી વધઉ તુટી પડયા હતા. છેલ્લા એક મહિનામાં 41 ટકાનો ઘટાડો થયો છે. કોસ્પીમાં આ બંને કંપનીઓનું વેઇટેજ લગભગ 60 ટકા છે. હવે ચિપ મેન્યુફેકચરીંગ કંપનીઓના શેરમાં રોકાણકારોનો રસ ઘટી રહ્યો છે.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -69.86 | 76765.92 |
| નિફ્ટી | -10.60 | 23985.35 |
| બેન્ક નિફ્ટી | -331.60 | 56755.60 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 4.46 | 2398.00 |
| ઇટર્નલ | 4.23 | 308.35 |
| ટેક મહિન્દ્રા | 3.82 | 1635.20 |
| નેસલે ઇન્ડિયા | 3.16 | 1491.80 |
| સીપલા | 2.50 | 1444.60 |

ટોપ લુઝર્સ

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 6.99 | 2022.70 |
| ભારત ઇલે. | 4.46 | 389.00 |
| કોલ ઇન્ડિયા | 4.06 | 410.15 |
| ટાટા કન્ઝ્યુમર | 2.28 | 1082.10 |
| એનટીપીસી | 2.01 | 343.75 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 4.47 | 2397.80 |
| ઇટર્નલ | 4.02 | 307.65 |
| ટેક મહિન્દ્રા | 3.86 | 1635.15 |
| ઇન્ફોસીસ | 2.47 | 1105.75 |
| ટાઇટન કંપની | 2.44 | 4855.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનુંનામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 6.97 | 2023.15 |
| ભારત ઇલે. | 4.41 | 389.15 |
| એનટીપીસી | 1.95 | 343.80 |
| પાવરગ્રીડ | 1.25 | 285.30 |
| ICICI બેન્ક | 1.20 | 1427.65 |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૪૬૬૯૦ |
| તેજાબી સોનું | ૧૪૬૬૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૩૫૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૩૭૫૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૬૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૩૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૫૩૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-૩૦ | ૫૦૦૦ |
| એસ-૩૦ | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

# જુન ક્વાર્ટરમાં મ્યુચ્યુઅલ ફંડ્સની જોરદાર ખરીદી, પણ 60 કંપનીમાં હિસ્સો ઘટાડ્યો

**છેલ્લા** એક વર્ષમાં સેન્સેક્સમાં 8.50 ટકા અને નિફ્ટીમાં 6.50 ટકા નકારાત્મક વળતર આપ્યું

મુંબઈ, તા. 28: ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા, નબળા અર્નિંગ્સ તથા ઊંચા મૂલ્યાંકનો વચ્ચે પણ મ્યુચ્યુઅલ ફંડ હાઉસોએ ભારતીય શેરબજારમાં ખરીદી કરતા રહ્યા છે અને તેના લીધે બજારને ટેકો મળ્યો હતો. મ્યુચ્યુઅલ ફંડ હાઉસો લાંબા સમયથી ભારતીય ઈક્વિટીસમાં નેટ ખરીદદાર રહ્યા છે.

બદલાતા મૂલ્યાંકનો વચ્ચે સમાપ્ત થયેલા જૂન ત્રિમાસિકમાં ઘરેલુ મ્યુચ્યુઅલ ફન્ડસ ભારતીય ઈક્વિટીસમાં જોરદાર ખરીદી કરી હોવા છતાં 60 જેટલી કંપનીઓ એવી હતી કે જેમાં તેમના હોલ્ડિંગ્સમાં ઘટાડો કર્યો હોવાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. જૂનમાં સતત ચોથા ત્રિમાસિકમાં મ્યુચ્યુઅલ ફન્ડોએ હોલ્ડિંગ્સમાં ઘટાડો કર્યો છે.

ઈક્વિટી સ્કીમ્સના હેતુને ધ્યાનમાં રાખી ફન્ડ હાઉસો સમયાંતરે પોતાના પોર્ટફોલિયોમાં ફેરબદલ કરતા રહે છે. કંપનીના વેલ્યુએશન તથા ઈન્વેસ્ટમેન્ટની અન્ય તકોને ધ્યાનમાં રાખી આ ફેરફારો કરાતા હોય છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

છેલ્લા એક વર્ષમાં એટલે કે જૂન 2025થી મ્યુચ્યુઅલ ફંડોએ રૂપિયા 5.50 લાખ કરોડનું રોકાણ કર્યું છે જ્યારે વિદેશી રોકાણકારોએ રૂપિયા 3.85 લાખ કરોડની વેચવાલી કરી છે. ભારતીય ઈક્વિટીસમાં વોલેટિલિટીને ધ્યાનમાં રાખી ફંડો પોતાના હાથમાં રોકડ જાળવી રાખવાનો પણ વ્યૂહ ધરાવે છે, જેથી બજારમાં કરેકશનના સમયે તેમને ખરીદીની તક મળી રહે. ઘરઆંગણે મજબૂત ઈન્ફલો છતાં, વૈશ્વિક બજારોની સરખામણીએ ભારતીય બજારોની કામગીરી નબળી જોવા મળી રહી છે. છેલ્લા એક વર્ષમાં સેન્સેક્સમાં 8.50 ટકા અને નિફ્ટીમાં 6.50 ટકા નકારાત્મક વળતર પ્રાપ્ત થયું છે. કૃષિ તથા ઉડ્ડયન ક્ષેત્રની કંપનીઓની નબળી કામગીરીને કારણે ફન્ડો તેમાંથી નીકળી રહ્યા છે.

જૂન ત્રિમાસિકમાં જે કંપનીઓમાં ફંડોએ હોલ્ડિંગમાં ઘટાડો કર્યો છે તેમાં એલઆઈસી, એનટીપીસી, આરઈસી, સ્પાઈસ જેટ, સિવાલિક બાયમેટલ વગેરેનો સમાવેશ થાય છે. જુનમાં મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ ધરાવતા 19 મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઇ હતી, જે પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે ઈક્વિટી બજારમાં મક્કમતાને કારણે ફંડ હાઉસો ઈક્વિટીમાં ફરી પાછા નાણા ઠાલવી રહ્યા હોવાનું આના પરથી સંકેત મળે છે.

# પ્રાઈવેટ બેન્કોમાંથી નીકળીને FII પીએસયુ બેન્કો તરફ વળ્યા

**એફઆઇઆઇએ** પોર્ટફોલિયોમાં ફેરબદલ કર્યો, પીએસયુ બેન્કના સારા પ્રદર્શનથી આકર્ષિત થઇ

મુંબઈ, તા. 28: છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય બેન્કિંગ ક્ષેત્રમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. એક સમયે એફઆઈઆઈની પ્રથમ પસંદગી ગણાતી ખાનગી બેંકો હવે પહેલાની જેમ જ લીડ જાળવવા માટે સંઘર્ષ કરી રહી છે. બીજી તરફ, પીએસયુ બેંકે બેલેન્સશીટને મજબૂત કરવા, એનપીએ ઘટાડવા, નફો વધારવા અને વધુ સારા ઓપરેટિંગ પર્ફોર્મન્સના આધારે રોકાણકારોનો વિશ્વાસ જીતવાનું શરૂ કર્યું છે. આ જ કારણ છે કે વિદેશી રોકાણકારો હવે તેમના પોર્ટફોલિયોમાં પીએસયુ બેંકોનો હિસ્સો વધારી રહ્યા છે, જ્યારે ઘણી મોટી ખાનગી બેંકોમાં તેમનું રોકાણ ઘટી રહ્યું છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |